ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેરમાંથી બીજુ બોગસ કૉલ સેન્ટર પકડાયું



**પહેલુ બોગસ કૉલ સેન્ટર પકડાયું તે રાતથી આ કૉલ સેન્ટરને તાળુ હતું : પોલીસે તાળુ તોડીને તપાસ કરી તો એસી ચાલુ અને કોમ્પ્યુટરો પણ ચાલુ હતા : રૂ. ૧.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી શંકાસ્પદ કૉલ સેન્ટરની તપાસ શરુ કરી**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના ઈન્ફોસીટી ટાવર-૨માંથી ત્રણ દિવસ પહેલા બોગસ ઈન્ટરનેશનલ કૉલ સેન્ટર પકડાયું હતું. ત્યારબાદ ગઈ મોડી સાંજે વધુ એક આવું જ શંકાસ્પદ કૉલ સેન્ટર પોલીસના પંજામાં આવ્યું છે. પહેલુ બોગસ કૉલ સેન્ટર પકડાયું હતું તે રાતથી આ ટાવર-૧નું કૉલ સેન્ટર ભેદી રીતે બંધ થઈ ગયું હતું. ગઈ મોડી સાંજે આર.આર.સેલ અને ઈન્ફોસીટી પોલીસે દરોડો પાડી તાળુ તોડયું અને અંદર જોયું તો એસી ચાલુ હતા અને તમામ કૉમ્પ્યુટર પણ ચાલુ હાલતમાં હતા. પહેલી રેડ અંગે સાંભળીને જાણે આ શખ્સો તાબડતોબ ભાગી ગયા હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે. ઈન્ફોસીટી પોલીસે ૧૪ કોમ્પ્યુટર જપ્ત કરી જાણવા જોગ નોંધી છે અને આ શંકાસ્પદ કૉલ સેન્ટરની તથા તેના સંચાલકની ઉંડી તપાસ આરઆરસેલે શરુ કરી છે.

ઈન્ફોસીટી ટાવર-૨માં ત્રીજા માળે દરોડો પાડીને પોલીસે જે રાત્રે ૧૯ શખ્સોને કોમ્પ્યુટર લેપટોપના જથ્થા સાથે પકડી પાડી બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ કર્યો હતો તે જ રાતથી ઈન્ફોસીટી ટાવર-૧માં પ્રથમ માળ ૧૨૫ નંબરની ઓફીસમાં ચાલતુ કૉલ સેન્ટર ભેદી રીતે બંધ કરીને કેટલાક શખ્સો જતા રહ્યા હતા. આ કૉલ સેન્ટર બોગસ હોવાની માહિતી આધારે આર.આર.સેલ પીએસઆઈ કે.ડી. બારોટ તથા ઈન્ફોસીટી પી.આઈ. કે.એમ. પ્રિયદર્શી તથા તેમની ટીમે ગઈ મોડી સાંજે દરોડો પાડયો હતો. કૉલ સેન્ટરમાં બહારથી તાળુ હતું. નકુચો તોડીને પોલીસે અંદર જોયું તો લાઈટો, એસી, કોમ્પ્યુટર, બ્રોડ બેન્ડ બધું જ ચાલુ હતું. પોલીસ આવ્યાના મેસેજ મળ્યા હોય ને કોઈ જ સ્વીચ બંધ કર્યા વગર બધા ઉભી પુંછડીએ ભાગ્યા હોય અને છેલ્લે નીકળેલી વ્યકિતએ બહારથી તાળુ મારી દીધું હોય તેવી સ્થળ સ્થિતિ પોલીસને જોવા મળતા પોલીસની શંકા પ્રબળ બની છે. પોલીસે શંકાસ્પદ કૉલ સેન્ટરના ૧૪ કોમ્પ્યુટર, લેપટોપ, ત્રણ બ્રોડ બેન્ડ સહીતનો માલસામાન જપ્ત કરી ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં સીઆરપીસી ૧૦૨ મુજબ જાણવા જોગ નોંધાવી છે. કોમ્પ્યુટર એફએસએલમાં ડેટા મેળવવા મોકલી આ સંચાલકો સુધી પહોંચવા અને બોગસ કૉલ સેન્ટરનું રેકેટ બહાર લાવવા આર.આર. સેલે વધુ તપાસ શરુ કરી છે.

## @ગાંધીનગર

● દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજ અમદાવાદ-ગાંધીનગરનું ૨૮મું સ્નેહમિલન સમારંભ તેમજ તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે.

● જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા સે-૨૨ પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

● એલન કેરીયર ઈન્સ્ટિટયુટ દ્વારા સે-૧૭, ટાઉનહોલ ખાતે સવારે ૧૧ કલાકે ‘ટૉક શૉ’નું આયોજન કરાયું છે. જેમાં ધોરણ-૫ થી ૧૨ના દરેક વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.

## શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે શ્રી વલ્લભાચાર્ય જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૨૨

સેકટર-૨૧ ખાતે આવેલ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે જગતગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીની જયંતિની બે દિવસ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તા. ૨૧-૪-૨૦૧૭ના રોજ બપોરે ૩.૩૦ કલાકે દાહોદ નિવાસી શ્રી નવીનભાઈ શાસ્ત્રીનું પ્રવચન ‘વસ્તુત કૃષ્ણ એવં હી મહાપ્રભુજી શ્રીમદ્ વલ્લભાચાર્યજી’ વિષય ઉપર યોજાયું હતું. જેમાં તેમણે શ્રી મહાપ્રભુજી શ્રીમદ્ વલ્લભાચાર્યજીના અલગ અલગ પ્રસંગો રજુ કરી અસંખ્ય વૈષ્ણવોને બે થી ત્રણ કલાક સુધી ભાવવિભોર કરી દીધા હતા.

જયારે તા. ૨૨-૪-૨૦૧૭ના રોજ વૈષ્ણવ ધર્મના સ્થાપક શ્રી વલ્લભાચાર્ય જયંતિનો ઉત્સવ બપોરે ૧૨ કલાકે ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં રાજભોગમાં ફૂલમંડળી, તિલકદર્શન વગેરે કરવામાં આવ્યા હતા. આ દર્શનનો અનેરો લાભ અસંખ્ય વૈષ્ણવોએ લીધો હતો અને દર્શન બાદ ૩૦૦થી વધુ વૈષ્ણવોએ ઠાકોરજીના પ્રસાદનો લાભ લીધો હતો. ત્યાર બાદ બહેનોએ સર્વોત્તમ સ્ત્રોતના પાઠ બે કલાક સુધી કર્યા હતા. આ ઉપરાંત વૈષ્ણવ બહેનોને માટે ઉત્સવને અનુરુપ કવીઝના કાર્યક્રમનું આયોજન પણ થયું હતું અનો તેમાં વિજેતા થયેલ મહિલાઓને ઈનામ પણ આપવામાં આવ્યા હતા.





ગાંધીનગર શહેરની સેવાકીય સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટના ઉદઘાટન સમારોહમાં મનપાના મેડીકલ ઓફિસર દિનેશ બારોટ અને નહેરુ યુવા કેન્દ્રના યુથ કો.ઓર્ડીનેટર રજનીકાંત સુથાર ઉપસ્થિત રહ્યા હતા. આ ટુર્નામેન્ટની પ્રથમ મેચ પાલજ-ગોકુલપુરા પ્રાથમિક શાળા વચ્ચે યોજાઈ હતી. જેમાં ટોસ જીતીને પાલજ ગામના વિદ્યાર્થીઓએ ફીલ્ડીંગ પસંદ કરી હતી. જયારે ગોકુલપુરાના વિદ્યાર્થીઓએ ૮ ઓવરની મેચમાં ૬૩ રન ૪ વિકેટે નોંધાવ્યા હતા અને પાલજે ૮ વિકેટે ૫૪ રન નોંધાવ્યા હતા. જયારે બીજી મેચ ધોળાકુવા-સરગાસણ વચ્ચે રમાઈ હતી. જેમાં ધોળાકુવા ૬૭ રન નોંધાયા હતા જયારે સરગાસણની ટીમ ૬૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ મેચ નિહાળવા માટે મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતાં.

## શહેરમાં આજે નિઃશુલ્ક નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પ્લોટ નં. ૫૧૯/૧ વાસ્તુનિર્માણ સોસાયટી, ચ-૫ કોર્નર પાસે રહેતા વૈદ્ય ડૉ. અરવિંદ પંડિત અને વૈદ્ય વનરાજસિંહ દ્વારા તા. ૨૩ એપ્રિલને રવિવારના રોજ બપોરે ૨ થી ૪ કલાક દરમિયાન નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં સાંધાના દર્દ, થાઈરોઈડ, કંથવાત, કીડની, મસા, કમળો, ડાયાબિટીસ, મુત્ર રોગ, માનસિક રોગ, વગેરે અસાધ્ય રોગોની આયુર્વેદિક પ્રણાલી મુજબ નિઃશુલ્ક નિદાનની તપાસ કરવામાં આવશે. શહેરના સર્વે નાગરિકોને લાભ લેવા અનુરોધ કરાયો છે. આ કેમ્પ દર રવિવારે ઉપરોકત સમય અને સ્થળે યોજાશે.







સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા આયોજીત સમૂહ લગ્નોત્સવ પ્રસંગે ગત રાત્રિએ સે-૧૬ બ્રહ્મભવન ખાતે મહેંદી રસમ અને સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## કર્મચારીઓ, યુવાનો અને ખેડુતોના પડતર પ્રશ્નો અંગે જન અધિકાર મંચ દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

ફિકસ પગાર, યુવા બેરોજગારી જેવા મુદ્દાઓ પર જન અધિકાર મંચ દ્વારા લડત ચલાવ્યા બાદ લાખો ફિકસ કર્મચારીઓને માસિક ૧૦૦૦૦થી ૨૩૦૦૦નો પગાર વધારો મળ્યા બાદ પણ અમુક વિસંગતતાઓ તેમજ અમુક પ્રશ્નોનું નિરાકરણ બાકી રહી ગયું છે. ત્યારે મંચના પ્રદેશ પ્રમુખ પ્રવીણરામ દ્વારા કોન્ટ્રાકટ કર્મચારીઓને ન્યાય આપવો, નગરપાલિકા-મહાનગરપાલિકા, માધ્યમિક બોર્ડ નિગમ આ તમામ વિભાગના ફિકસ કર્મચારીઓને પણ પગાર વધારાનો લાભ આપવો, ૨૦૦૬ પહેલાના શિક્ષકોને લાભ આપવો, નિવૃત્તિ વયમર્યાદા વધારાથી, જૂની પેન્શન યોજના લાગુ કરવી જેવી અનેક રજુઆતો મુખ્યમંત્રી સમક્ષ મુકવામાં આવી છે.

તેમજ ઉત્તરપ્રદેશની ભાજપ સરકાર જયારે ખેડૂતોના દેવા માફ કરતી હોય ત્યારે પ્રવીણ રામ દ્વારા ગુજરાતના ખેડૂતોની લોન માફ કરવા તેમજ ખેતપેદાશના પોષણક્ષમ ભાવો આપવા અને ઈકોસેન્સીટીવ ઝોનનો વિસ્તાર ઘટાડી તેમના નિયમો સરળ કરવા જેવી અનેક માંગો પણ મુખ્યમંત્રી સામે મુકવામાં આવી છે તેમજ ૧ મે ના રોજ જયારે ગુજરાતનો સ્થાપના દિન છે ત્યારે આ તમામ મુદ્દાઓ માટે જન અધિકાર મંચની રણનીતિ જાહેર કરવામાં આવશે તેમ મંચના પ્રમુખ પ્રવિણરામે જણાવ્યું છે.

## ગાંધીનગર ડીસ્ટ્રીકટ બાર એસોસિએશનમાં મહામંત્રી તરીકે હિતેશ બી. રાવલની બિનહરીફ વરણી

જુનિયર સીટીઝન કાઉન્સિલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, વી-કેર ફાઉન્ડેશન, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ-



ગાંધીનગર અને નરેન્દ્ર મોદી વિચાર મંચના ગાંધીનગર જિલ્લાના પ્રમુખ (ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ) એવા મુખ્ય મોભી એડવોકેટ હિતેશ બી. રાવલની ગાંધીનગર ડીસ્ટ્રીકટ બાર એસોસિએશનમાં સતત સાતમા વર્ષે મહામંત્રી જેવા ઉચ્ચ પદ ઉપર બિનહરીફ વરણી થવા પામી છે. જેને પગલે પરિવાર, મિત્રો તેઓને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે. ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી આ સંસ્થાઓની સેવાકીય પ્રવૃત્તિઓની જયોતને પ્રજ્વલિત બનાવે તેવી શુભકામનાઓ પાઠવી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**મયંક ભટ્ટ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર શહેરે મને રોજગારી અને પરિવારસુખનો અહેસાસ કરાવ્યો છે, વ્યક્તિ તરીકે મને પ્રસ્થાપિત કર્યો છે. એટલે આ શહેર મને ગમે છે.

**નગરજનો**

સેવાભાવી અને કલા તથા સંસ્કૃતિપ્રેમી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગ્રો ફાઉન્ડેશન, જી ઈ કલબ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ તથા સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

કલા તાલીમ, સંવર્ધન અને જાહેર શિસ્ત બાબતે ઘણું કામ કરવાની આવશ્યકતા વર્તાય છે.

**નગર માટે હું કરી શકું**

માનવસેવાનાં સઘળાં કાર્યો માટે હું મારું પૂર્ણ યોગદાન આપવા માટે તત્પર છું.

## હોસ્પિટલ સંકુલમાં સરકારી આવાસો માટે ૭૦થી વધુ અરજી પેન્ડીંગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સરકારી આવાસ મેળવવા માટે ૭૦ થી વધુ પેન્ડીંગ અરજીઓ પડી રહી છે. ત્યારે એક વર્ષથી અરજી કરીને મકાનની રાહ જોતા કર્મચારીઓને કયારે મકાન મળશે તે ખુદ તંત્ર પણ કહી શકે તેવી સ્થિતિમાં નથી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં સરકારી આવાસો આવેલા છે. આ વિવિધ કેટેગરીના મકાનો અધિકારીઓથી લઈને કર્મચારીઓના છે. હોસ્પિટલના કર્મચારીઓને ઈમરજન્સીમાં આવન જાવન માટે સરળતા રહે તે માટે સંકુલમાં મકાન ફાળવવામાં આવે છે. પરંતુ અત્યારે હાલના સમયે તંત્ર પાસે મકાન નથી. કારણ કે જે આવાસો છે તેમાં નિવૃત થયેલા કર્મચારીઓ વસવાટ કરે છે ખાલી કરતા નથી. તો બીજી તરફ કેટલાક મકાનોમાં મેસ ચાલુ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. એક મકાનમાં પાંચ થી વધુ તબિબિ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રહે છે. કોલેજ તંત્રની રહેમ નજર હેઠળ આ મકાનો આપવામાં આવ્યા છે તેવું હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ સરકારી આવાસો પાસે કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. સ્વચ્છતા મિશનના સંકુલમાં જ લીરેલીરા ઉડતા હોય તેવું દ્રશ્ય જોવા મળે છે. તો બીજી તરફ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓને સરકારી આવાસ ન મળતા અન્ય સેકટરોમાં ખાનગી આવાસમાં ઉંચા ભાડે રહેવાની ફરજ પડે છે. ત્યારે હોસ્પિટલ તંત્ર પાસે ૭૦ થી વધુ અરજીઓ સરકારી આવાસની પેન્ડીંગ પડી છે. ત્યારે આ કર્મચારીઓ પોતાને ઘર કયારે મળશે તેની કાગડોળે રાહ જોઈને બેઠા છે. પરંતુ ખુદ તંત્ર પણ આ અંગે કંઈ પણ કહી શકે તેવી સ્થિતિમાં નથી. નિવૃત કર્મચારીઓ દ્વારા મકાન ખાલી કરવામાં આવે તો અન્ય કર્મચારીઓને લાભ મળી શકે તેમ છે. ત્યારે આગામી સમયમાં તંત્ર દ્વારા શું પગલા લેવાય છે તે જોવું રહ્યું...

## કલોલમાં દારૂ-બિયર ભરેલી ઓરડીમાં એલસીબીનો દરોડો : કલોલ પોલીસની મીલીભગત મામલે તપાસ

**લક્ષ્મણ અંગીના પોણા ત્રણ લાખના દારૂ-બિયરના માલ સાથે તેના સાગરીતની ધરપકડ**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે કલોલ ખાતે નવજીવન મીલની ચાલીમાં એક ઓરડી રાખી તેમાં દારૂ-બિયરનો જથ્થો સંતાડી લક્ષ્મણ આંગી તેના માણસો મારફતે ત્યાંથી મોટો વેપાર કરે છે તેને આધારે ઓરડીમાં દરોડો પાડી એલસીબીની ટીમે પોણા ત્રણ લાખનો દારૂ-બિયરનો જથ્થો પકડી પાડયો છે. લક્ષ્મણ ઉર્ફે અંગી મળી આવ્યો નથી પરંતુ તેના સાગરીતને દબોચી લેવામાં આવ્યો છે. એલસીબીએ અંગીને પકડવા ચક્રો ગતિમાન કરી સ્થાનિક પોલીસની મિલીભગત અંગે પણ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે દારૂ-જુગારને જિલ્લામાંથી નેસ્ત નાબુદ કરવા એલસીબી પી.આઈ.જે.ડી. પુરોહિતને સુચના આપતા પી.આઈ. પુરોહીતે ચાર્જ



સંભાળ્યાના પ્રથમ દિવસે જ દારૂ-બિયરનો મસમોટો જથ્થો પકડી પાડયો છે. પીએસઆઈ એચ.કે. સોલંકી, એસ.બી. પઢેરીયા અને કૃણાલ પટેલની ટીમે બાતમીને આધારે કલોલ નવજીવન મીલની ચાલીમાં એક ઓરડીમાં દરોડો પાડયો હતો. કલોલ એસ.ટી. સ્ટેન્ડની બાજુમાં રહેતો લક્ષ્મણ ઉર્ફે અંગી રાજુ ઠાકોર આ ઓરડી રાખીને તેમાં દારૂ-બિયરનો જથ્થો સંતાડી તેના ફોલ્ડર ઈનાયતહુસેન સૈયદ મારફતે વેપલો કરાવતો હતો. એલસીબીની ટીમે દરોડો પાડી ઓરડીમાંથી વિવિધ બ્રાન્ડની નાની મોટી દારૂ-બિયરની ૧૧૩૭ નંગ બોટલ અને ટીન મળી કુલ રૂ. ૨,૫૩,૭૦૦નો દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરી લીધો છે. તે ઉપરાંત એક મોબાઈલ અને રોકડ રૂ. ૨૦ હજાર સાથે આ ઓરડીમાંથી અંગીનો ફોલ્ડર ઈનાયત હુસેન મળી આવતા તેની ધરપકડ કરી લેવામાં આવી છે. પકડાયેલા ફોલ્ડરના કોર્ટે ૨૫ તારીખ સુધીના રીમાન્ડ મંજુર કર્યા છે. એલસીબીએ અંગીની ધરપકડ માટે તજવીજ કરીને સ્થાનિક પોલીસની શંકાસ્પદ ભુમિકા અંગે તપાસ શરુ કરી છે.

## સ્વાગત રેઈનફોરેસ્ટ-૨ ખાતે રૂદ્રાભિષેક યોજાશે

ગાંધીનગર, તા.૨૨

સંવત ૨૦૭૩ ચૈત્ર માસની શિવરાત્રી તા. ૨૪-૪-૨૦૧૭ના સોમવારના રોજ આવતી હોઈ મંડળનો રૂદ્રાભિષેક બાબુભાઈ ડી. શર્મા બી-૪૦૪, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨, સ્વામિનારાયણ ધામની સામે, ઈન્ફોસીટી પાસે, સાંજે ૫.૦૦ કલાકે યોજવામાં આવશે. મંડળના સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. વાહનની વ્યવસ્થા પંચદેવ મંદિર પાસે રાખવામાં આવી છે.

# શહેરમાં ગરમીમાં બરફનું ધુમ વેચાણ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં ઉનાળાની ગરમીને પગલે બરફનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. સામાન્ય દિવસો કરતા અત્યારે હાલના સમયે બે ઘણો બરફ વધુ વેચાય છે. નગરમાં વિવિધ ઠેકાણે બરફ લઈને બેસતા વેપારીઓને ત્યાં બરફ ખરીદવાવાળાની લાઈનો જોવા મળે છે. ગરમીમાં રાહત મેળવવા ઠંડી ચીજવસ્તુ વિશેષ આરોગતા હોવાથી વેપારીઓને પણ બરફની વધુ જરુરીયાત ઉભી થાય છે. જયારે સામાન્ય દિવસોમાં ૬૦૦ થી ૭૦૦ કિલો બરફ વેચતા વેપારીઓ અત્યારે હાલના સમયે ૨૫૦૦ કિલો બરફનું વેચાણ કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ઉનાળાની રૂતુના પ્રારંભે જ આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેવું લાગી રહ્યું છે. શહેર બપોર બનતા જ સુમસામ બની જાય છે. માનવી સહિત પશુ-પક્ષીઓ પણ ગરમીથી ત્રાહીમામ પોંકારી ઉઠયા છે. ત્યારે ગરમીથી રાહત મેળવવા નગરજનો એસી, મસમોટા વૃક્ષના છાંયડામાં બેસી



કુલર, પંખા ચાલુ કરી ઘરમાં પુરાઈ રહે છે. જયારે શ્રમજીવીઓ ગરમીથી રાહત મેળવે છે. શહેરનું જનજીવન ગરમીથી પ્રભાવિત બન્યું છે. ત્યારે કાળઝાળ ગરમીમાં નાગરીકો ઠંડી ચીજવસ્તુઓ આરોગીને ઠંડક મેળવે છે. જેમાં આઈસ્ક્રીમ, ઠંડાપીણા, શેરડીનો રસ, બરફના ગોળા, ઠંડા પાણીના પાઉચ, લસ્સી, જયુસ, શરબત, કેરીનો રસ, લીંબુ પાણી અને લીંબુ સિંકજીનો સમાવેશ થાય છે. જયારે આ ચીજવસ્તુઓ ઠંડી રાખવા માટે બરફ આવશ્યક છે. જેને પગલે શહેરમાં બરફની હાટડીઓની ઓન ડિમાન્ડ બોલાઈ રહી છે. શહેરના ઘ-૨, ઘ-૩, ઘ-૫, ઘ-૬, સેકટર-૨૧ તેમજ ૨૪ સહિતના સ્થળો પર બરફના વેપારીઓ દ્વારા બરફનું વેચાણ થાય છે. ત્યારે પાનના ગલ્લામાં પાણીના પાઉચથી લઈને વિવિધ ચીજવસ્તુઓ વેચતા વેપારીઓ બરફ મેળવવા માટે લાઈન લગાવે છે. ત્યારે બે રૂપીયે કિલો વેચાણ થતો બરફ શહેરના નાગરીકો માટે પણ કેટલો આરોગ્યપ્રદ છે તે તંત્રએ જોવું રહ્યું..?

## ચિરવિદાય

● સ્વ. રણજીતસિંહ મનુસિંહ ચાવડા, ઉ.વ. ૫૪